આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માણસનું ચારિત્ર્ય બદલવું હોય તો તેના વિચારો બદલો
- સંત રોબિન

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૭ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચીન ગુજરાતમાં મોટાપાયે રોકાણ કરશે

## વસ્ત્રાપુર ખાતેની હોટલ હયાતમાં કરાર : ૩ એમઓયુ ઉપર હસ્તાક્ષર થયા :મોદી-જિનપિંગ હાજર : અમદાવાદ શહેર અને ગુઆંગજોઉ વચ્ચે સિસ્ટરસિટી સમજૂતિ પર હસ્તાક્ષર કરાયા





ચીની પ્રમુખ શી જિનપિંગ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ત્રણ એમઓયુ ઉપર ભારત અને ચીને હસ્તાક્ષર કર્યા હતા. ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથેના કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ત્રણ એમઓયુ પૈકી એક એમઓયુ અમદાવાદ અને ચીનના ત્રીજા નંબરના શહેર ગુઆંગજોઉને સિસ્ટર સિટી બનાવવાનો પણ છે. ત્રણ કરાર કરવામાં આવ્યા બાદ મોદી અને જિનપિંગ ગાંધી આશ્રમ ખાતે પહોંચ્યા હતા. ચાવીરુપ એમઓયુને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અમદાવાદ અને ગુઆંગજોઉ વચ્ચે સિસ્ટર સિટી સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગુજરાતમાં મોટાપાયે રોકાણ કરવા માટે પણ ચીન ઉત્સુક છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે અને અન્ય ક્ષેત્રોમાં બંને દેશો આગળ વધનાર છે. બંને નેતાઓની ઉપસ્થિતિમાં આ એમઓયુ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ચીનના પ્રમુખ જિનપિંગની સાથે તેમના પત્નિ લીયુવાન પણ પહોંચ્યા છે.

# ચીનના પ્રમુખનું ગુજરાતમાં લાલ જાજમ બિછાવી સ્વાગત

**મોદી-જિનપિંગ વચ્ચે ઐતિહાસિક મંત્રણા, અબજોના કરાર : જિનપિંગના ભરચક કાર્યક્રમોની શરૂઆત થઈ : મોદીની સાથે હોટલ હયાતમાં ટૂંકી ચર્ચા બાદ ગાંધી આશ્રમમાં પહોંચ્યા : રિવરફ્રન્ટ ખાતે ડિનરનું આયોજન**

અમદાવાદ,તા. ૧૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ચીની પ્રમુખ શી જિનપિંગે ત્રણ દિવસની ઐતિહાસિક ભારત યાત્રાની શરૂઆત આજે અમદાવાદમાંથી કરી હતી. અમદાવાદ પહોંચ્યા બાદ જિનપિંગનું પરંપરાગતરીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે સ્વાગત માટે ઉપસ્થિત રહ્યા હતા. જિનપિંગની યાત્રાની સાથે જ બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક ઐતિહાસિક પ્રકરણની શરૂઆત થઈ ગઈ છે. ભરચક કાર્યક્રમોની શરઆત થયા બાદ મોડી રાત્રે અમદાવાદથી બંને નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા. હવે આવતીકાલે મોદી અને જિનપિંગ વચ્ચે હૈદરાબાદ હાઉસમાં શિખર બેઠક યોજાશે. ત્યારબાદ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રેલવે સહિત કેટલીક સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરાશે. બંને નેતાઓ આઈટી સર્વિસ, ફાર્માસ્યુટિકલ મુદ્દે ચર્ચા કરશે. આ ઉપરાંત નાગરિક પરમાણુ કાર્યક્રમ અંગે સાથે મળીને કામ કરવાના મુદ્દા ઉપર પણ ચર્ચા કરશે. સરહદી વિવાદનો મુદ્દો પણ ચર્ચાઈ તેવી શક્યતા દેખાઈ રહી છે. અગાઉ જિનપિંગ પ્રથમ વખત ગુજરાત પહોંચ્યા હતા. વિમાની મથકે તેમનું લાલ જાજમ બિછાવીને પરંપરાગતરીતે ભવ્ય સ્વાગત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



# સ્વાવલંબન અભિયાનનો પ્રધાનમંત્રી દ્વારા પ્રારંભ

## ગરીબ કલ્યાણની દિશામાં ગુજરાત સરકારની પહેલ : મહિલા, શ્રમિકો, યુવાનોના કલ્યાણ માટે ૧૧ કલ્યાણકારી યોજનાનો ગુચ્છ ગુજરાતને અર્પણ કરતા વડાપ્રધાન મોદી

ગાંધીનગર, તા.૧૭

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગુજરાત સરકારની અકિંચનો માટેની ૧૧ કલ્યાણકારી યોજનાઓના ગુચ્છ સમા સ્વાલંબન અભિયાનનો આજે દબદબાભેર પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ૧૭મી સપ્ટેમ્બરને વિશ્વકર્મા દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને શ્રમયોગીઓ દ્વારા વિશ્વકર્માની પુજા કરવામાં આવે છે. રાજ્ય સરકારને તેની અનોખી પહેલ માટે અભિનંદન આપતા તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે સ્વાવલંબનની પહેલ માટે આ દિવસને પસંદ કર્યો છે તે અત્યંત મહત્વપૂર્ણ બાબત છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે શ્રમયોગીઓ માટે સ્વાવલંબન, સ્વાસ્થ્ય અને સ્વાભિમાન અદકેરૂ મહત્વ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે કોઈપણ શ્રમયોગીને અન્ય ઉપર નિર્ભર રહેવાનું પસંદ હોતું નથી.

● અનુસંધાન પાન-૭ પર




### શ્રધ્ધાંજલિ



**સ્વ. પ્રવીણકુમાર વિઠ્ઠલરાવ બાલપાંડે**

જન્મ : ૪-૧૨-૧૯૬૯ | નિર્વાણ : ૧૪-૯-૨૦૧૪

મિત્રતા જેવી મહાન કોઈ ભેટ નથી !
- અને આ અમૂલ્ય ભેટ
અમને પ્રવીણ તરફથી મળી...!

એક ફુલ આખું ઉદ્યાન હોઈ શકે અને એક મિત્ર આખું વિશ્વ...

પ્રભુ અમારા પરમ મિત્ર પ્રવીણના આત્માને
ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના...

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ
૧૯૮૫ બેચ (ધોરણ-૧૦)ના વિદ્યાર્થી મિત્રો



## જાહેર આભાર



૧૩- ડીસા વિધાનસભા પેટા ચૂંટણી ૨૦૧૪ના તમામ મતદાર ભાઈ-બહેનો, કાર્યકરો, શુભેચ્છકો, સ્નેહીજનો, તેમજ તમામ પ્રજાજનો કે જેઓએ લોકશાહીના આ પર્વમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કોંગ્રેસ તરફ મતદાન કરી મને વિજય બનાવવા બદલ હું આપ સૌનો હૃદય પૂર્વક આભાર માનું છું.

લિ.

**શ્રી ગોવાભાઈ રબારી**



ગાંધીનગર ઝોન પ્રસ્તુત કરે છે...

BOI ★ હોમ લોન @ 10.20 %

BOI ★ પ્રોપર્ટીની સામે લોન @ 11.70 %

Call : 95865 87412
(079) 23244819 Email: rbc.gandhinagar@bankofindia.co.in


## રિવરફ્રન્ટ રોશની, સૌંદર્ય દિવાળી સુધી જોઈ શકાશે

અમદાવાદ, તા.૧૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટના નયનરમ્ય નજારાને તથા રંગબેરંગે રોશનીનો ઉત્સાહભેર સપરિવાર ઉમટી રહેલા હજારો નાગરીકોની લાગણીને ધ્યાને લઈ આ રોશની આગામી દિવાળીના પર્વ સુધી જારી રાખવાનો નિર્ણય કર્યો છે. સાબરમતી રીવરફ્રન્ટ ખાતે ચીનના રાષ્ટ્રપ્રમુખ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત સંદર્ભે અમદાવાદ ખાતેના રીવરફ્રન્ટને નયનરમ્ય રોશનીથી શણગારવામાં આવ્યો છે.


તમારું ઘર એજ તમારી ખરી પૂંજી.



600થી વધુ પ્રોપર્ટીઝ એક જ જગ્યાએ

અને જીતો ઈનામો ₹1 કરોડ સુધીના

For FREE Registration on iOS & android download GIHEDapp from OR OR www.gihed.org

ARVIND INFRASTRUCTURE PRESENTS GIHED PROPERTY FESTIVAL 2014

19 FRI 20 SAT 21 SUN SEPT
UNIVERSITY CONVENTION HALL, HELMET CROSS ROAD.

પ્રવેશ વિના મૂલ્ય

ASSOCIATE SPONSOR: GANESH HOUSING, adani Shantigram, ADDOR, SHEETAL INFRASTRUCTURE

CO SPONSOR: SHREE BALAJI GROUP, SHAYONA, SUN BUILDERS, PACIFICA, VYAPTI

Visit : www.gihed.org | G.I.H.E.D